**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 07-10-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## રાજ્ય સરકાર-વિકાસ સપ્તાહ

રાજ્ય સરકાર આજથી વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે. 2001માં જ્યારે નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા, ત્યારથી અત્યાર સુધી રાજ્યની વિકાસ યાત્રાને દર્શાવવા માટે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વહીવટી ક્ષેત્રના 23 વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણીના ભાગ રૂપે ગાંધીનગરમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વિધાનસભાના પોડિયમ ખાતે આજે બપોરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મંત્રીઓ અને અધિકારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી..

રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ દરમિયાન પ્રસિદ્ધ સ્થળો પર વિકાસ પ્રદર્શની સહિત ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના વિકાસમાં નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાન વિશે લોકોને માહિતગાર કરવા માટે, તેમની પરિવર્તનકારી પહેલ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમદાવાદ રિવર ફ્રન્ટ, મોઢેરા સૂર્ય મંદિર, ગિફ્ટ સિટી સહિત  માન્ય 23 પ્રતિષ્ઠિત સ્થળોએ વિકાસ વોક યોજાઇ રહી છે. રાજ્યના આર્થિક વિકાસને પ્રદર્શિત કરવા માટે, સ્ટાર્ટ અપ, નવા શોધકો અને ઉદ્યોગ સાહસિકોના યોગદાનને દર્શાવવા માટે રાજ્યમાં ગુજરાત વિકાસ ઇનોવેશન એક્સ્પો પણ યોજાશે.  આ સાથે જ 3 હજાર કરોડથી વધુની વિકાસ યોજનાઓનો પ્રારંભ કરાશે.

**RNU અમદાવાદ**

---

## ઘુડખર વસતી ગણતરી

રાજ્યમાં છેલ્લા 5 વર્ષમાં ઘુડખરની વસતિમાં 26 ટકાનો વધારો નોંધાયો છે. વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું કે, ‘ભારતમાં એક માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની વસતિ 7 હજાર 672 છે.

શ્રી બેરાએ ઉમેર્યું કે, આ વર્ષે 10મી ઘુડખર વસતિ પ્રમાણે 2 હજાર 705 ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે એક હજાર 993 ઘુડખર કચ્છ જિલ્લામાં, એક હજાર 615 ઘુડખર પાટણમાં છે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે કહ્યું કે, 'અંદાજે 15 હજાર 510 ચોરસ કિલોમીટર વિસ્તારમાં સીધી ગણતરી પદ્ધતિથી ઘુડખરની સાથે નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્યજીવોની પણ ગણતરી કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ગાંધીધામ-ડ્રગ્સ

ગાંધીધામમાંથી 120 કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે. ખારી રોહરમાંથી મોટાપાયે માદક પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે..  પૂર્વ કચ્છ પોલીસે નશાકારક પદાર્થ મોટો જથ્થો પકડી પાડ્યો હતો..પોલીસે આ જથ્થો જપ્ત કરીને આગળની તપાસ હાથ ધરી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## કચ્છ-108 એમ્બ્યુલન્સ

રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાની આરોગ્ય સુવિધાઓમાં વધારો થાય તે માટે અદ્યતન સુવિધાઓથી સજ્જ કુલ આઠ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સની ફાળવણી કરવામાં આવી છે. આજરોજ જિલ્લા સેવા

સદન ખાતેથી કલેક્ટર અમિત અરોરાએ લીલીઝંડી આપીને નવીન આઠ ૧૦૮ એમ્બ્યુલન્સને પ્રસ્થાન કરાવ્યું હતું.

જિલ્લામાં ઈમરજન્સી દરમિયાન સારવાર હેતુ ૪૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા રાત દિવસ લોકો માટે ઉપલબ્ધ છે. અમુક એમ્બ્યુલન્સના કિલોમીટર પૂર્ણ થતા નિયમોનુસાર તેના સ્થાને સરકારશ્રી દ્વારા જિલ્લાને નવી આઠ એમ્બ્યુલન્સની કરવામાં આવી છે. ભારાપર, વર્માનગર, મોથાળા, દહીંસરા, દૂધઈ, આડેસર, જનાણ અને ભીમાસરના ૧૦૮ પોઈન્ટ ઉપર આ નવી એમ્બ્યુલન્સ આરોગ્ય સેવામાં કાર્યરત થશે તેમ કચ્છની ૧૦૮ સેવાના ઈમરજન્સી મેનેજર એક્ઝિક્યુટિવની યાદીમાં દ્વારા જણાવાયું છે.

માહિતી ખાતુ

---

## નગરપાલિકા-સ્વચ્છતા અભિયાન

કચ્છની વિવિધ નગરપાલિકાઓમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ ચાલી રહી છે. જે અન્વયે અંજાર, માંડવી, રાપર, નખત્રાણા, ભચાઉ, ગાંધીધામ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા જાહેર રસ્તાઓની સફાઇ કરવામાં આવી હતી.

તેમ ગ્રામ્ય વિસ્તારમાં ચાંદ્રોડા, માતાના મઢ, દુર્ગાપર, વરસાણા, મોટા કાદીયા, કિડાણા, ભારાપર, ગળપાદર વગેરે ગામમાં અનેક વિસ્તારોની સાફ સફાઈ કરવામાં આવી હતી. આ સફાઇ ઝુંબેશમાં

સફાઇકર્મીઓ, કર્મયોગીઓ તથા ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને લોકોને સ્વચ્છતા અંગે સંદેશો પાઠવ્યો હતો.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## પોષણમાહ-પૂર્ણાહૂતિ

પોષણમાહ – ૨૦૨૪ની પૂર્ણાહુતી અંતર્ગત જિલ્લાકક્ષાનો - સક્ષમ સપ્તાહની ઉજવણી કાર્યક્રમ તાજતેરમાં શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટી ભુજ ખાતે યોજાયો હતો. જિલ્લા વિકાસ અધિકારી તથા કુલપતિ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આયોજીત આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ પા પા પગલી અંતર્ગત આંગણવાડી કક્ષાએ આપવામાં આવતી પ્રિ - સ્કૂલ કીટ, પૂર્ણા યોજના અંતર્ગત પૂર્ણા કીટનું વિતરણ તેમજ પોષણ રંગોળીનું નિદર્શન યોજાયું હતું.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પોષણ માહ નિમિતે પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું હતું. જેમાં વિવિધ યોજનાઓ દ્વારા છેવાડાના ગામ સુધી મળતા લાભ અંગે ચર્ચા કરી તેમજ પોષણ માહ ઉજવણી અને જિલ્લા કક્ષાના કાર્યક્રમની પ્રસંશા કરવામાં આવી હતી. તેમણે દરેક કર્મયોગીઓને પોતાની કામગીરી નિષ્ઠાથી કરવા અનુરોધ કર્યો હતો.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

# હોમગાર્ડ સભ્યો-નવરાત્રિ બંદોબસ્ત

પશ્ચિમ કચ્છ જિલ્લામાં પોલીસની માંગણી મુજબ હોમગાર્ડ સભ્યોને નવરાત્રી બંદોબસ્તમાં રાત્રી તેમજ દિવસની ફરજોમાં મુકાયા હોવાનું જાણવા મળેલ છે. પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડમાં પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસવડા દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસની મદદમાં નવરાત્રી બંદોબસ્તમાં કોઈ અનિચ્છનીય ઘટનાઓ ન બને તે માટે પોલીસની સાથે મદદમાં ૪૫૦ હોમગાર્ડસભ્યોને ફરજ પર મુકવા જણાવવામાં આવેલ હતું, જેને અનુસંધાને પશ્ચિમ કચ્છ જિલ્લાના હોમગાર્ડ કમાન્ડન્ટ દ્વારા માતાનામઢ ખાતે નવરાત્રી બંદોબસ્તને અનુલક્ષી માગવામાં આવેલા ૧૦૦ હોમગાર્ડ સભ્યોને નજીક પડતા દયાપર, પાનધ્રો, નલિયા, નખત્રાણા યુનિટમાંથી મોકલી આપવામાં આવ્યા હતા.

**N.P. / નેહલ ઠક્કર**

---